# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા જુલાઈ - 2016

| | | |
|---|---|---|
| **અભ્યાસક્રમ** | : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** | **Numerical Code B.A.: 0001**<br>**Numerical Code B.com: 0002** |
| **પાઠ્યક્રમ** | : ગુજરાતી ગદ્ય **(EGT-01)** | **Numerical Code: 0037** |
| **તારીખ** | : **10/07/2016** | **નોંધણી નંબરઃ ____________** |
| **સમય** | : **03.00 to 06.00** | |
| **સૂચના** | : **દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે.** | **કુલ ગુણ : 70** |

---

**પ્રશ્ન-1** ‘મુકુન્દરાય’ વાર્તામાં આવતા પિતા-પુત્રના સંબંધો વિશેના તમારા વિચારો દર્શાવો. **(12)**

**અથવા**

‘માજા વેલાનું મૃત્યુ’ વાર્તાના આરંભમાં જ નગર સભ્યતાથી ભિન્ન પડતો આર્ય સંસ્કૃતિનો સંદર્ભ છે.- એ કઈ બાબતોથી સ્પષ્ટ થાય છે.

**પ્રશ્ન-2** ‘કીર્તિદેવનો મુંજાલ સાથે મેળાપ’ નવલકથાખંડને આધારે મુંજાલના વ્યક્તિત્વનો પરિચય કરાવો. **(12)**

**અથવા**

‘ગોપાળબાપા’ નવલકથાખંડનો રસલક્ષી પરિચય કરાવો.

**પ્રશ્ન-3** ‘બાધર આગવાળો’નાટ્યાંશમાંથી પ્રગટતી માનવજીવનની નબળાઈઓ, આળસ અને શઠતાને વિગતે વર્ણવો. **(12)**

**અથવા**

‘ઊડણ ચરકલડી’ માં નિરૂપાયેલ ગ્રામજીવનના સામાજિક વાસ્તવનો પરિચય કરાવો.

**પ્રશ્ન-4** ‘સત્ય અને અહિંસા’ નિબંધને આધારે વિશાળ અર્થમાં સત્ય એટલે શું તે સમજાવો. **(12)**

**અથવા**

‘પેટ’ નિબંધમાં લેખકે નિરૂપેલું મનુષ્યના પેટ અંગેનું તત્વચિંતન દર્શાવો.

**પ્રશ્ન-5** ટૂંકનોંધ લખો.(ગમે તે બે) **(12)**

1. મોનજીરૂદરનું પાત્રચિત્રણ
2. સમાજસુધારક નર્મદ
3. ‘ગંગોત્રી’ પ્રવાસથી લેખકના માનસ પર થયેલ અસર
4. વાત્સલ્યસભર અલી ડોસો
5. ‘માનચતુર’ શીર્ષકનું ઔચિત્ય

**પ્રશ્ન-6 યોગ્ય વિકલ્પ શોધી નીચેની ખાલીજગ્યા પૂરો.** **(10)**

1. ‘એળે નહિ તો બેળે’ વાર્તાના લેખક ______________ છે.
   A. ધૂમકેતુ B. રા.વિ. પાઠક C. પન્નાલાલ પટેલ
2. ‘કોચમેન અલી ડોસાનો કાગળ કીધો ના?’ આ વાક્ય કોણ બોલે છે.
   A. પોસ્ટ માસ્તર B. અલી ડોસો C. પોસ્ટમેન
3. ‘સરસ્વતીચંદ્ર’ નવલકથાનો નવલકથાખંડ ______________ છે.
   A. માનચતુર B. કીર્તિદેવનો મુંજાલ સાથે મેળાપ C. ગોપાલબાપા
4. ‘ગોપાળબાપા’ નવલકથાખંડના સર્જક ______________ છે.
   A. ગો.મા. ત્રિપાઠી B. ક.મા.મુનશી C. મનુભાઈ પંચોલી
5. જાલકાનું પાત્ર _____________ નાટયાંશનું છે?
   A. બાધર આગવાળો B. રાઈનું આંતરમન C. ઊડણ ચરકલડી
6. ‘ઊડણ ચરકલડી’ _____________ પ્રકારનું નાટક છે?
   A. એકાંકી B. દ્વિઅંકી C. ત્રિઅંકી
7. ‘પેટ’ કૃતિનું સ્વરૂપ ___________ છે.
   A. નાટક B. નિબંધ C. નવલિકા
8. યંત્રવાદનું આલેખન કરતો નિબંધ ____________ છે.
   A. સત્ય અને અહિંસા B. પેટ C. શહેરની શેરી
9. મોનજી રૂદર ના સર્જક ______________ છે.
   A. સ્વામી આનંદ B. નર્મદ C. કાકાસાહેબ કાલેલકર
10. કાકાસાહેબ કાલેલકરની કૃતિ છે.
    A. નર્મદજીવન B. રખડવાનો આનંદ C. સ્વામી આનંદના નિબંધો

----------------------****--------------------------

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા જુલાઈ – 2016

| | | |
|---|---|---|
| અભ્યાસક્રમ | : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** | **Numerical Code B.A.: 0001**<br>**Numerical Code B.com: 0002** |
| પાઠ્યક્રમ | : ગુજરાતી પદ્ય **(EGT-02)** | **Numerical Code: 0038** |
| તારીખ | : **11/07/2016** | **નોંધણી નંબરઃ _______________** |
| સમય | : **03.00 to 06.00** | |
| સૂચના | : દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે. | **કુલ ગુણ : 70** |

---

**પ્રશ્ન -1** 'હાં' રે કોઈ માધવ લ્યો' દ્વારા વ્યક્ત થતી મીરાંબાઈની શ્રીકૃષ્ણ ભક્તિ આલેખો. **(12)**

**અથવા**

હરિમાર્ગે જનારા મરજીવાના ગુણલક્ષણો જણાવો.

**પ્રશ્ન -2** 'આઠમું દિલ્હી' કાવ્યનો આસ્વાદ કરાવો. **(12)**

**અથવા**

'વધામણી' સોનેટનો આસ્વાદ કરવો.

**પ્રશ્ન-3** ગીતના સાહિત્યસ્વરૂપનો પરિચય કરવો. **(12)**

**અથવા**

'ધણ ઉઠાવ' દ્વારા વ્યક્ત થયેલ સમાજ સુધારાને તમારા શબ્દોમાં આલેખો.

**પ્રશ્ન-4** નિરંજન ભગતની કાવ્યરીતિનો 'આંધળો' ને આધારે પરિચય કરવો. **(12)**

**અથવા**

'થોડો વગડાનો શ્વાસ'માં વ્યક્ત થતું પ્રકૃતિચિત્રણ આલેખો.

**પ્રશ્ન-5** ટૂંકનોંધ લખો.(કોઈપણ બે) **(12)**

1. 'અખિલ બ્રહ્માંડમાં વ્યક્ત હરિભાવ.
2. 'પિતા-પુત્રી મિલન' શીર્ષકનું ઓચિત્ય.
3. 'અવસાન સંદેશ'ની ભાષાશૈલી.
4. 'આપની યાદી' કાવ્યનો કેન્દ્રવર્તી વિચાર
5. 'ભાઈ રે આપણા દુઃખનું કેટલું જોર' માં કવિત્વ

**પ્રશ્ન-6 નીચેના પ્રશ્નોના જવાબમાં યોગ્ય વિકલ્પ પસંદ કરો.** **(10)**

1. ‘અનુભવબિંદુ’ કૃતિના સર્જક _________છે.
   A. શામળ B. અખો C. પ્રેમાનંદ
2. ‘શ્યામ રંગ સમીપે ન જાવું’ ___________ ભાવે રજુ થયેલી કૃતિ છે.
   A. કૃષ્ણ B. રાધા C. ગોપી
3. ‘અતિજ્ઞાન’ ના કર્તા ___________ છે.
   A. નર્મદ B. કાન્ત C. કલાપી
4. ‘નિર્દોષ અને નિર્મળ આંખ તારી’ કાવ્ય _______ ને સંબોધીને લખાયું છે.
   A. ભાઈ B. પિતા C. બહેન
5. ‘કસુંબલ રંગ’ માં _________ રસની વાત છે.
   A. રૌદ્ર B. હાસ્ય C. વીર
6. ‘તુકારામનું સ્વર્ગારોહણ’ ના કવિ _________ છે.
   A. સુન્દરમ્ B. ઉમાશંકર C. રા.વિ.પાઠક
7. ‘બળતા પાણી’ _________ કાવ્ય સંગ્રહમાંથી લેવાયું છે.
   A. વિશ્વશાંતિ B. ગંગોત્રી C. નિશીય
8. નીચેનામાંથી કયું સોનેટ કવિ પ્રહલાદ પારેખનું છે?
   A. વળાવી બા આવી B. વિદાય C. વધામણી
9. ‘વળાવી બા આવી’ ના કર્તા _______ છે.
   A. સુન્દરમ્ B. બ.ક.ઠાકોર C. ઉશનસ
10. ‘વિદાય’ કાવ્યમાં ______ ની વિદાય આલેખાઈ છે.
    A. બહેન B. નાયિકા C. મિત્ર

-----------****----------

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા જુલાઈ – 2016

| | | |
|---|---|---|
| અભ્યાસક્રમ | : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** | **Numerical Code B.A.: 0001**<br>**Numerical Code B.com: 0002** |
| પાઠ્યક્રમ | : ગુજરાતી સાહિત્યની રૂપરેખા **(EGT-03)** | **Numerical Code: 0039** |
| તારીખ | : **12/07/2016** | નોંધણી નંબરઃ _______________ |
| સમય | : **11.00 to 02.00** | |
| સૂચના | : દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે. | કુલ ગુણ : **70** |

---

**પ્રશ્ન-1** મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને ઘડનારા રાજકીય તેમજ સાંસ્કૃતિક પરિબળોનો પરિચય કરાવો. **(12)**

**અથવા**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના પ્રમુખ પ્રવાહોનો પરિચય કરાવો.

**પ્રશ્ન-2** અખાનું જીવન ઘડતર વર્ણવી એની સાહિત્યયાત્રા મૂલવો. **(12)**

**અથવા**

પ્રેમાનંદની સાહિત્યયાત્રા મૂલવો.

**પ્રશ્ન-3** ગરબી કવિ તરીકે દયારામને વર્ણવો. **(12)**

**અથવા**

સુધારાકયુગના ઘડતર પરિબળો જણાવી એ યુગના સાહિત્યિક પ્રવાહોનો પરિચય કરાવો.

**પ્રશ્ન-4** ગાંધીયુગીન સાહિત્યિક લક્ષણો જણાવી ગાંધીજીની સાહિત્યસેવા મૂલવો. **(12)**

**અથવા**

રાજેન્દ્ર - નિરંજન યુગની કવિતાના મુખ્ય લક્ષણો વર્ણવો.

**પ્રશ્ન-5** ટૂંકનોંધ લખો.(કોઈપણ બે) **(12)**

1. નર્મદની કવિતા
2. નરસિંહના ભક્તિજ્ઞાનના પદો
3. વાર્તાકાર ધૂમકેતુ
4. વિવેચક ઉમાશંકર જોષી
5. સુરેશ જોષીની સાહિત્યિક કૃતિઓ વિશે પરિચયાત્મક નોંધ

**પ્રશ્ન-6 નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ શોધી જવાબ આપો.** **(10)**

1. 'હંસાઉલી' કૃતિના રચયિતા_______

   (A) અજ્ઞાત કવિ (B) અસાઈત (C)જયશેખર

2. નરસિંહની આત્મકથાનાત્મક કૃતિ__________છે.

(A) ‘હુંડી’ (B) ‘સુદામા ચરિત’ (C) ‘દાણલીલા’

3. ‘અખેગીતા’ કૃતિના રચયિતા__________ છે.

(A) પ્રેમાનંદ (B) શામળ (C) અખો

4. ગરબી કવિ તરીકે _________ ઓળખાય છે.

(A) શામળ (B) નરસિંહ (C) દયારામ

5. ‘મિથ્યાભિમાન’ નાટકના રચયિતા__________છે.

(A) રણછોડરાય (B) નવલરામ (C) દલપતરામ

6. ગુજરાતી ભાષાની પહેલી મૌલિક નવલકથા _________છે.

(A) ‘સરસ્વતીચંદ્ર’ (B) ‘કરણઘેલો’ (C) ‘ભદ્રંભદ્ર’

7. ‘સરસ્વતીચંદ્ર’ નો પ્રથમ ભાગ ઈ.સ___________માં પ્રગટ થયો.

(A) ૧૮૮૨ (B) ૧૮૮૫ (C) ૧૮૮૭

8. ‘રાઈનો પર્વત’ નાટકમાં કુલ_________ અંક છે.

(A) પાંચ (B) સાત (C) ત્રણ

9. કૃષ્ણલાલ શ્રીધરાણીના પ્રથમ કાવ્ય સંગ્રહનું નામ_________છે.

(A) પનઘટ (B) ઉજાણી (C) કોડિયા

10. ‘આયુષ્યના અવશેષે’ સૉનેટમાળાની કવિનું નામ___________છે.

(A) પ્રિયકાન્ત મણીયાર (B) પ્રહલાદ પારેખ (C) રાજેન્દ્ર શાહ (D) નિરંજન ભગત

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા જુલાઈ – 2016

| | | |
|---|---|---|
| **અભ્યાસક્રમ** | : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** | **Numerical Code B.A.: 0001**<br>**Numerical Code B.com: 0002** |
| **પાઠ્યક્રમ** | : ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો **(EGT-04)** | **Numerical Code: 0040** |
| **તારીખ** | : **13/07/2016** | **નોંધણી નંબરઃ** _______________ |
| **સમય** | : **11.00 to 02.00** | |
| **સૂચના** | : દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે. | **કુલ ગુણ : 70** |

---

**પ્રશ્ન-1** આખ્યાનનાં આંતર-બાહ્ય લક્ષણો આપી તેનું સાહિત્ય સ્વરૂપ સમજાવો. **(12)**

**અથવા**

ગુજરાતમાં આખ્યાનનો ઉદ્દભવ અને વિકાસ વર્ણવો.

**પ્રશ્ન-2** ટૂંકી વાર્તાના સ્વરૂપગત લક્ષણોનો પરિચય આપો. **(12)**

**અથવા**

ટૂંકી વાર્તા ક્ષેત્રે ધૂમકેતુનું પ્રદાન વર્ણવો.

**પ્રશ્ન-3** સૉનેટ સાહિત્ય સ્વરૂપની વિશેષતાઓ અંગે નોંધ લખો. **(12)**

**અથવા**

સૉનેટ ક્ષેત્રે બળવંતરાય ઠાકોરનું પ્રદાન વર્ણવો.

**પ્રશ્ન-4** ‘કુંવરબાઈનું મામેરું’ માં પાત્રલેખન કલા અને રસનિરૂપણ વિશે નોંધ લખો. **(12)**

**અથવા**

‘માને ખોળે’ વાર્તાનો આસ્વાદ કરવો.

**પ્રશ્ન-5 ટૂંકનોંધ લખો.(ગમે તે બે)** **(12)**

1. ‘કુંવરબાઈનું મામેરું’ માં જોવા મળતું સમાજચિત્રણ
2. ‘લોહીનું ટીપું’ શીર્ષકની યથાર્થતા
3. ‘છેલ્લું દર્શન’ સૉનેટનો આસ્વાદ
4. ‘આધુનિક અરણ્ય’ સૉનેટનો આસ્વાદ
5. ‘કુંવરબાઈનું મામેરું’ માં વર્ણન કલા

**પ્રશ્ન -6 સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.** **(10)**

1. આખ્યાન શેમાં વહેચાયેલું હોય છે?

   A. પ્રકરણ  B. કડવા  C. સર્ગ

2. કડવાના આરંભે આવતી બે પંક્તિઓને શું કહેવાય છે?

   A. ઢાળ  B. વલણ  C. મુખબંધ

3. 'આખ્યાન સ્વરૂપના પિતા' તરીકે કોને ઓળખવામાં આવે છે?

   A. ભાલણ B. વિષ્ણુદાસ C. પ્રેમાનંદ

4. 'આખ્યાનકાર શિરોમણિ' નું બિરુદ કોને મળેલું છે?

   A. નરસિંહ મહેતા B. પ્રેમાનંદ C. નાકર

5. ગુજરાતીમાં ટૂંકીવાર્તા માટે બીજો કયો શબ્દ પ્રચલિત છે?

   A. નવલકથા B. એકાંકી C. નવલિકા

6. સૌ પ્રથમ ગુજરતી ટૂંકીવાર્તાનું બહુમાન કોને મળ્યું છે?

   A. 'ગોવાલણી' B. 'કરણ ઘેલો' C. 'વાત્રકને કાંઠે'

7. શ્રી રા.વિ.પાઠકે ક્યા ઉપનામથી વાર્તાઓ લખી છે?

   A. સ્વૈરવિહારી B. દ્વિરેફ C. શેષ

8. સૉનેટ સ્વરૂપનો ઉદ્દભવ કયા દેશમાં થયો મનાય છે?

   A. ઇટાલી B. ઇંગ્લેન્ડ C. ભારત

9. અષ્ટક અને ષટકમાં (આઠ અને છ પંકિતઓના ખંડમાં) વહેચાયેલ સૉનેટ કયા નામે ઓળખાય છે?

   A. શેક્સપિરિયન B. પેટ્રાર્કશાઈ C. મિલ્ટોનિક

10. ગુજરાતી ભાષાનું પ્રથમ સૉનેટ કયું ગણાય છે?

   A. 'જુનું ઘર ખાલી કરતાં' B. 'ભણકારા' C. 'હું મુજ પિતા'

-----------****----------

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા જુલાઈ - 2016

| | | |
|---|---|---|
| અભ્યાસક્રમ | : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** | **Numerical Code B.A.: 0001**<br>**Numerical Code B.com: 0002** |
| પાઠ્યક્રમ | : ગુજરાતી ભાષા **(EGT-05)** | **Numerical Code: 0041** |
| તારીખ | : **10/07/2016** | નોંધણી નંબરઃ ______________ |
| સમય | : **11.00 to 02.00** | |
| સૂચના | : દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે. | કુલ ગુણ : **70** |

---

**પ્રશ્ન-1** ભારતનાં ભાષાકુળોનો વિગતે ખ્યાલ વર્ણવો . **(12)**

**અથવા**

ગુજરાતી ભાષાનો વિકાસ વર્ણવી, પ્રાચીન અને મધ્યકાલીન ભાષાભૂમિકાઓ ઉદાહરણ સહિત વર્ણવો.

**પ્રશ્ન-2** ઉચ્ચારણ પ્રક્રિયામાં ભાગ ભજવતાં વાગ્-અવયવો વર્ણવો. **(12)**

**અથવા**

ધ્વનિઘટક અને ઉપધ્વનિઘટકની લાક્ષણિક્તાઓ ઉદાહરણ સાથે વર્ણવો.

**પ્રશ્ન-3** ઉત્તર ગુજરાતની બોલીની લાક્ષણિક્તાઓ ઉદાહરણ સાથે વર્ણવો. **(12)**

**અથવા**

વાક્યના પ્રકારો વર્ણવી પ્રશ્નાર્થ વાક્ય રચના, આજ્ઞાર્થક વાક્ય રચના અને ઉદગાર વાચક વાક્યરચના ઉદાહરણ સાથે સમજાવો.

**પ્રશ્ન-4** પત્રકારત્વનું ગદ્ય અને જાહેરખબરનું ગદ્યની સમીક્ષા કરો. **(12)**

**અથવા**

નર્મદનું ગદ્ય વિગતે સમજાવો.

**પ્રશ્ન-5** ટૂંકનોંધ લખો.(કોઈપણ બે) **(12)**

1. ભાષા: એક સામાજિક પ્રવૃત્તિ
2. ગુજરાતી ભાષાના સ્વરો
3. વિજ્ઞાનનું ગદ્ય
4. સમાસના પ્રકારો
5. આધુનિક યુગના ગદ્યનાં મુખ્ય લક્ષણો

**પ્રશ્ન-6 યોગ્ય વિકલ્પ શોધી નીચેની ખાલી જગ્યા પૂરો.** **(10)**

1. તિબેટન જૂથ ____________ પ્રદેશમાં જાણીતું છે.
   A. હિમાચલ પ્રદેશ B. મેઘાલય C. ગુજરાત
2. ગુજરાતી ભાષાના સંઘર્ષી ધ્વનિઓ ______________ છે.
   A. બે B. ત્રણ C. આઠ
3. ગુજરાતીના અગ્રસ્વરો _____________ છે?
   A. ચાર B. ત્રણ C. આઠ
4. ગુજરાતી ______________ ભાષાકુળની ભાષા છે.
   A. ચીની-તિબેટી B. મોન્ખમેર C. આર્યશાખા
5. 'આંગળિયાત' નવલકથાના લેખક _______________છે?
   A. મધુરાય B. જોસેફ મેકવાન C. દર્શક
6. દક્ષિણ આફ્રિકામાં ઈન્ડીયન ઓપિનિયનની ગુજરાતી આવૃત્તિ ___________ ચલાવતા.
   A. ડૉ. એની વેસન્ટ B. ગાંધીજી C. મધર ટેરેસા
7. શાલિભદ્ર સૂરિની ___________કૃતિ જાણીતી છે.
   A. હંસાઉલી B. કાદંબરી C. ભરતેશ્વર બાહુબલીરાસ
8. ગુજરાતી સાહિત્યમાં સુધારક યુગ _____________ સાલથી ગણાય છે.
   A. 1850 – 1880 B. 1650 – 1680 C. 1750 – 1780
9. રામલક્ષ્મણ ______________ પ્રકારનો સમાસ છે.
   A. તત્પુરુષ B. દ્વિગુ C. બહુવ્રીહિ
10. ઋગ્વેદનો સંકલન કાળ _________________ છે.
    A. ઇ.સ. 1100 B. ઇ.સ. 1200 C. ઇ.સ. 1300

-----------------------****--------------------------

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા જુલાઈ – 2016

| | | |
|---|---|---|
| **અભ્યાસક્રમ** | : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** | **Numerical Code B.A.: 0001**<br>**Numerical Code B.com: 0002** |
| **પાઠ્યક્રમ** | : સાહિત્ય સિદ્ધાંત અને ભાષા વિનિયોગ **(EGT-06)** | **Numerical Code: 0042** |
| **તારીખ** | : **11/07/2016** | **નોંધણી નંબરઃ** _______________ |
| **સમય** | : **11.00 to 02.00** | |
| **સૂચના** | :દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે. | **કુલ ગુણ : 70** |

---

**પ્રશ્ન-1** કલાની વિભાવના સમજાવી, જુદી જુદી કલાઓનું વર્ગીકરણ તમારા શબ્દોમાં કરો. **(12)**

**અથવા**

સંસ્કૃત કાવ્યમીમાંસાનો ટૂંકમાં પરિચય કરાવી, કુન્તકના વક્રોક્તિ વિચાર વિશે જણાવો.

**પ્રશ્ન-2** વિવેચનના અભિવ્યક્તિલક્ષી અભિગમો વિશે જણાવી, કલ્પનવાદ વિશે વિગતે જણાવો. **(12)**

**અથવા**

પદ્ય એટલે શું? તે જણાવી, ગીત અને તેની રચના વિશે ઉદાહરણ સહીત જણાવો.

**પ્રશ્ન-3** પત્રલેખન એટલે શું? તે જણાવી, જુદા-જુદા પ્રકારના પત્રલેખન વિશે ઉદાહરણ સહિત નોંધ લખો. **(12)**

**અથવા**

પદક્રમ. પદાન્વય અને શબ્દફેર વિશે ઉદાહરણ સહિત સમજાવો.

**પ્રશ્ન-4** વિવેચન એટલે શું? તે જણાવી, પુસ્તક અવલોકન વિશે ઉદાહરણ સહિત ચર્ચા કરો. **(12)**

**અથવા**

ધ્વનિનું સ્વરૂપ ઉદાહરણ સહીત તમારા શબ્દોમાં સ્પષ્ટ કરો.

**પ્રશ્ન-5** ટૂંકનોંધ લખો. (કોઈપણ બે) **(12)**

1. સંક્ષેપીકરણ
2. નાટક અવલોકન
3. વિવેચનના પ્રકારો
4. સાહિત્ય સર્જનની પ્રક્રિયા

**પ્રશ્ન-6 યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.** **(10)**

1. નિપુણતાને કાવ્યના કારણમાં કોણે સ્થાન આપ્યું છે?

   A. મમ્મટ B. શંકુક C. કુન્તક D. લોલ્લટ

2. શબ્દનો સીધેસીધો અર્થ કઈ શક્તિ દ્વારા પ્રકટતો હોય છે.

A. લક્ષણા B. વ્યંજના C. અભિધા D. શક્તિ

3. ટ્રેજડીનો સિધ્ધાંત કોણે આપ્યો છે?

A. એરીસ્ટૉટલ B. સોક્રેટિસ C. નિત્શે D. સિકંદર

4. નવ્ય વિવેચનનો અભિગમ કયા દેશમાં શરૂ થયો.

A. ભારત B. ગ્રીસ C. રશિયા D. અમેરિકા

5. નીચેનામાંથી કયું સ્વરૂપ ગદ્યવિભાગમાં સમાવેશ પામશે.

A. ઊર્મિકાવ્ય B. ગીત C. ગરબી D. નવલકથા

6. વડીલોને પત્ર લખતી વખતે કયું સંબોધન કરવામાં આવે છે.

A. પ્રિય B. આદરણીય C. ચિરંજીવ D. વહાલા

7. અશોકપુરી ગોસ્વામીની નવલકથા કઈ છે.

A. પાતાળકૂવો B. કૂવો C. પ્રિયજન D. મળેલા જીવ

8. પ્રતિક માટે અંગ્રેજીમાં કઈ સંજ્ઞા છે.

A. Symbol B. Sign C. Image D. Symbolism

9. ‘કાફલો’ નવલકથાના લેખકનું નામ જણાવો.

A. ઉમાશંકર જોષી B. પન્નાલાલ પટેલ C. દર્શક D. વીનેશ અંતાણી

10. ઉદાત્ત તત્વની વિભાવના કયા વિવેચકે આપી છે.

A. ક્રોન્ચે B. પ્લેટો C. એરીસ્ટૉટલ D. લોન્જાઈનસ